**કોર્ટ ઈન્કવાયરી નં.૦૪/૨૦૨૫**

**-: આંક-૧ નીચે હુકમ :-**

(૧)... હાલના કામે ફરિયાદી જયેશભાઈ રમેશભાઈ વાણંદનાઓએ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૬૧, ૩૧૪, ૩૧૬ હેઠળની ખાનગી ફરિયાદ આપી, રજૂઆત કરેલ છે કે, તેઓ લીફ્ટના વ્યવસાયમાં તથા ક્રેનની સર્વિસને લગતુ કામકાજ કરે છે અને તેઓ સને ૨૦૨૧ માં પોતાના ધંધાર્થે ક્રેન સર્વિસ કરવા માટે કેન્યાના નકુરૂ ગયા હતા. જ્યાં તેઓને આરોપી નીલ્કાબેન સાથે પરિચય થયો હતો. આ નીલ્કાબેન વીઝા કન્સલટન્સીનું કામ કરે છે અને વર્ક પરમીટ લાવી આપે છે અને દેશ-વિદેશમાં તેઓ મોટું નામ ધરાવે છે. તેવું તેમને જાણવામાં આવેલું. આ નીલ્કાબેનનાએ તેમની ઓળખાણ પોતાના વેવાઇ મૂકેશભાઈ જાની સાથે કરાવેલી. ત્યારબાદ ફરિયાદી બે વખત નકુરૂ ગયા હતા. નીલ્કાબેનના ઘરે પણ રોકાયા હતા. આ નીલ્કાબેનએ સહ પરિવાર વર્ક પરમીટ લાવી આપશે તેમ જણાવેલ હતુ. જેથી ફરિયાદીએ પોતાનો, તેમની પત્ની દર્શિતાબેન અને દીકરા અક્ષર તથા દીકરી ક્રિશા એમ ચાર જણાના મળી કુલ રૂ.૨૬,૦૦,૦૦૦/- વર્ક પરમીટના થશે તેમ નક્કી થયેલું. જેથી નીલ્કાબેને ફરિયાદી પાસે રૂ.૧૫,૦૦,૦૦૦/- એડવાન્સમાં માંગણી કરતા ફરિયાદીએ તેમને RTGS/ચેકથી અને રોકડા રૂપીયા-૧૫ લાખ ચૂકવી આપેલ હતા અને બાકીની રકમ રૂ.૧૧,૦૦,૦૦૦/- વર્ક પરમીટ લાવી આપે ત્યારે આપવાનું નક્કી થયેલ હતુ. તેમ છતાં અઢી વર્ષ જેટલો સમય વીતી જવા છતાં આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં છેતરપીંડી કરી, નાણાં વહેંચી લેતા હોવાનું ધ્યાનમાં આવતા ફરિયાદીએ વસો પોલીસ સ્ટેશનમાં આ અંગે તા.૧૬/૦૬/૨૦૨૫ ના રોજ ફરિયાદ આપેલ હતી. જે ફરિયાદના કામે વસો પોલીસે તેમના નિવેદનો લીધેલા. તેઓએ પોતાના બેંકના ટ્રાન્ઝેક્શનના પુરાવા પણ વસો પોલીસ સ્ટેશનમાં આપેલા. આરોપીઓના પાકા સરનામા, બેંક એકાઉન્ટની વિગતો પણ તેઓએ પોલીસને આપેલી. તેમ છતાં બે મહીના જેટલો સમય વીતી જવા છતાં પોલીસે એફ.આઇ.આર. દાખલ કરી તપાસ કરેલ ન હોય ફરિયાદી અત્રેની અદાલત સમક્ષ હાલની ખાનગી ફરિયાદ લાવેલ હોવાનું જણાવે છે.

(૨)... ફરિયાદીની હાલની ફરિયાદ અત્રેની અદાલત ખાતે ફોજદારી ઈન્કવાઈરી રજિસ્ટરે નોંધી તપાસ સ્થગિત કરી, બી.એન.એસ.એસ.ની કલમ-૨૩૩ મુજબ પોલીસ વિભાગ દ્વારા ફરિયાદીની ફરિયાદ સંબંધે શું કાર્યવાહી કરવામાં આવેલ છે તે અંગેનો વિગતવારનો રિપોર્ટ મંગાવવામાં આવેલ છે. જે રિપોર્ટ વસો પોલીસ સ્ટેશન દ્વારા તા.૧૦/૦૯/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલતને મળતા સદર રિપોર્ટ

વંચાણે લેતા તેમાં પોલીસે ફરિયાદીની ફરિયાદ સંબંધે કરેલ તપાસ અંગેની વિગતો જણાવેલ છે, તેમજ તેઓએ જણાવેલ છે કે, હાલના કામે ફરિયાદી કેન્યાના નકુરૂ ગયેલ હોય અને ત્યાં તેઓને આરોપી નંબર-૪ નીલ્કાબેન સાથે મુલાકાત થયેલ હોય અને વર્ક પરમીટ વીઝા અંગેની રકમ પણ ત્યાંસુધી નક્કી થયેલ હોય અને આ રકમની ચૂકવણી પણ કેન્યાના નકુરૂમાં રહેતા નીલ્કાબેનના કહેવાથી ફરિયાદીએ ચૂકવેલ હોય અને તેઓએ જે સાહેદોના નિવેદન મેળવેલ છે તેઓ અંગે કંઈ જાણતા ન હોવાનું તેઓને રેકર્ડ ઉપર આવેલ હોય આમ, ફરિયાદીના કહેવા મુજબનો ગુનો કેન્યાના નકુરૂ મુકામે બનેલ હોવાનો, વસો પોલીસે યોગ્ય તપાસને અંતે રજૂ કરેલ છે.

(૩)... ત્યારબાદથી હાલની ફરિયાદીની ફરિયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ છે પરંતુ ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી છેલ્લા ઘણા સમયથી અત્રેની અદાલત સમક્ષ હાજર રહેતા નથી તેઓએ પોતાની ફરિયાદ સાથે આંક-૩ વાળા દસ્તાવેજી પુરાવા લિસ્ટથી જે દસ્તાવેજી પુરાવા રજૂ રાખેલ છે તે ધ્યાને લેતા તેમાં તેઓએ નિશાની ૩/૧ થી નિશાની ૩/૩ સુધી જુદી-જુદી જગ્યાએ આપેલ ફરિયાદની નકલો તથા તે મોકલ્યા અંગેના પુરાવાઓ રજૂ રાખેલ છે તેમજ નિશાની ૩/૪ થી ૩/૭ સુધી તેઓએ જુદા-જુદા ખાતામાં નાણા ભર્યા અંગેના પુરાવા રજૂ રાખેલ છે. પરંતુ ફરિયાદીએ પોતાના કોઈ પણ બેંક ખાતાના સ્ટેટમેન્ટ રજૂ રાખેલ નથી કે તેઓએ પોતાની ફરિયાદના સમર્થનમાં કોઈ સાક્ષીઓના તપાસણી અંગેનું લિસ્ટ રજૂ રાખેલ નથી કે તેઓએ કોઈ સાક્ષીઓના નામ પણ ફરિયાદમાં જાહેર કરેલ નથી. આમ, તપાસના કામે ફરિયાદના સમર્થનમાં જરૂરી પુરાવા રજૂ કરેલ ન હોય, હાલના કામે અત્રેની અદાલત દ્વારા બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૫ મુજબ હાલની ફરિયાદની તપાસ આગળ ચલાવી, બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૭ મુજબ આરોપીઓ સામે પ્રોસેસ ઈશ્યુ કરી શકાય એમ જણાઇ આવતુ નથી જે ધ્યાને લઈ નીચે મુજબ હુકમ કરવો ઉચિત જણાય છે.

આથી ફરિયાદીની ફરિયાદ બી.એન.એસ.એસ.ની કલમ-૨૨૬ મુજબ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૫ મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વસો

તા. ૧૫ /૦૪/૨૦૨૬

(સૌમિત્ર સુબોધભાઈ ત્રિવેદી)
જ્યુડી મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વસો. જીજે૦૧૪૨૫